**તા.૨૫/૦૫/૨૦૨૨**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાની બેઠક આજ તા.૨૫/૦૫/૨૦૨૨ ને બુધવારનાં રોજ સાંજનાં ૦૫=૦૦ કલાકે પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં સભાખંડમાં મળી જેમાં નક્કી કરેલ તારીખ અને સમયે નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતાં.

| | | |
|---|---|---|
| (૧) | શ્રીમતિ ગીતાબેન એ. પટેલ | પ્રમુખશ્રી |
| (૨) | શ્રી રમેશભાઇ આર. પરમાર | ઉપપ્રમુખશ્રી |
| (૩) | શ્રી નરેશકુમાર આર. તળપદા | સભ્યશ્રી |
| (૪) | શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણ | ” |
| (૫) | શ્રીમતિ મિનાક્ષીબેન એમ. રાઠોડ | ” |
| (૬) | શ્રી પ્રવિણભાઇ કે. પરમાર | ” |
| (૭) | શ્રીમતિ ગીતાબેન જે. પરમાર | ” |
| (૮) | શ્રી ભાવિન એમ. પટેલ | ” |
| (૯) | શ્રી રીફાકતખાન એમ. પઠાણ | ” |
| (૧૦) | શ્રીમતિ જલ્પાબેન બી. શાહ | ” |
| (૧૧) | શ્રી કેતનકુમાર સી. ગાંધી | ” |
| (૧૨) | શ્રી જીજ્ઞેશકુમાર એ. જોશી | ” |
| (૧૩) | શ્રીમતિ કાજલ કે. પટેલ | ” |
| (૧૪) | શ્રીમતિ ધરતીબેન જે. પટેલ | ” |
| (૧૫) | શ્રી સુનિલકુમાર એસ. પટેલ | ” |
| (૧૬) | શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ | ” |
| (૧૭) | શ્રીમતિ ભૌમીબેન પી. કાછીઆ | ” |
| (૧૮) | શ્રી સાજીદભાઇ એમ. વ્હોરા | ” |
| (૧૯) | શ્રીમતિ કોકીલાબેન એ. તળપદા | ” |
| (૨૦) | શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ એમ.કાજી | ” (એજન્ડા પરનાં કામ નં.૧૫ વખતે સભાખંડમાં હાજર થાય છે.) |

આમ, ઉપર જણાવ્યા મુજબનાં સભ્યશ્રીઓની હાજરીથી આજની બેઠકનું જરૂરી કોરમ થતું હોવાથી બેઠકનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. માન.પ્રમુખશ્રીએ સભાનું અધ્યક્ષ સ્થાન લેતાં બેઠકની કાર્યવાહી શરૂ કરવા અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

સૌપ્રથમ આજની કાર્યસૂચિનાં કામ નં.૧૮ કે જે પેટલાદ નગરપાલિકાનાં વિવિધ વિભાગોમાં ફીકસ પગારથી ફરજ બજાવતાં કર્મચારીઓનાં ફીકસ પગારની રકમ નક્કી કરવા બાબતનું છે અને કામ નં.૨૪ કે જે પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ખાણી-પીણીની લારીઓ તથા અન્ય લારીઓ માટે અલગ જગ્યાની ફાળવણી કરવા બાબતનું છે તે બન્ને કામો ફેર વિચારણાં માટે હાલ પૂરતુ મુલત્વી રાખવામાં આવે છે. તે અંગેની જાહેરાત કરવામાં આવી. જેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.

ત્યારબાદ સભાગૃહની પ્રણાલી મુજબ આજની બેઠકની કાર્યસૂચિનાં કામ નં.૧ કે જે શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબતનું કામ છે તે કામ સૌપ્રથમ હાથ ધરવામાં આવ્યું. અને શોક ઠરાવ સભાગૃહમાં વંચાણમાં લીધો.

**કામ નં. (૧) :** પેટલાદ નગરપાલિકામાં ફરજ બજાવતાં કર્મચારી શ્રી ગોવિંદભાઇ જાદવ તથા શ્રી ઠાકોરભાઇ મકવાણાનાં તાજેતરમાં થયેલ દુઃખદ અવસાન બાબતે શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબત

**ઠરાવ નં. ૧ / તા.૨૫/૫/૨૨**

**શોક ઠરાવ**

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

આથી આ શોક ઠરાવથી ઠરાવવામાં આવે છે કે, પેટલાદ નગરપાલિકામાં ફરજ બજાવતાં કર્મચારી શ્રી ગોવિંદભાઇ જાદવ તથા શ્રી ઠાકોરભાઇ મકવાણાનાં તાજેતરમાં દુઃખદ અવસાન થયેલ છે. તેઓનાં દુઃખદ અવસાનથી તેમનાં પરિવારજનો ઉપર આકસ્મિક રીતે આવી પડેલ દુઃખ, આપત્તિ અને આઘાત સહન કરવાની પ્રભુ શકિત અર્પે તેવી ઇશ્વર પાસે પ્રાર્થના.

દિવંગત આત્માઓને ચિર શાંતિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના સહ શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે. આજની સભા ઘેરા શોકની લાગણી અનુભવે છે. બેઠકમાં ઉપસ્થિત સર્વે બે મીનીટનું મૌન પાળી, પ્રાર્થના કરી સદ્ગત આત્માઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

આમ, દિવંગતોનાં આત્માને ઇશ્વર ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સહ આજની સભામાં ઉપસ્થિત સર્વેએ શ્રધ્ધાંજલિ અર્પણ કરવા પોતાનાં સ્થાને ઊભા થઇ બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું.

મૌનનો સમય પૂર્ણ થતાં અધ્યક્ષશ્રીએ આજની સભાની કાર્યવાહી શરૂ કરવા આદેશ કર્યો.

આજની બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવતાં સૌપ્રથમ અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ નીચે જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લીધી.

* જરૂરી વિષયનાં કામ :-

(૧) પેટલાદ નગરપાલિકાની શોપિંગ સેન્ટર સમિતિનાં ચેરમેનપદેથી રાજીનામુ મુકવા અંગે શ્રી રમેશભાઇ રાવજીભાઇ પરમારની આવેલ અરજી વંચાણમાં લઇ મંજુર કરવા બાબત.

(૨) પેટલાદ નગરપાલિકાની શોપિંગ સેન્ટર સમિતિની રચના કરવા બાબત.

(૩) પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં રણછોડજી મંદિર પાસેનાં ચોકમાં અંતિમ યાત્રા માટે વિસામો બનાવવા બાબત

(૪) મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રી જય બી. પટેલ, શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ, શ્રી આરીફખાન જે. પઠાણ, શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા, શ્રીમતિ નીદાબાનુ. વિ. મીરઝા., શ્રીમતિ રૂકસાર એ. મીરઝા., શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા, શ્રી ભાવેશભાઇ કે. તળપદા તથા શ્રી અસ્લમબેગ એ. મિરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

ઉપર જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યાં.

ત્યારબાદ આજની સભાનાં એજન્ડા ઉપરનાં કામો તેની કાર્યસૂચિનાં ક્રમાનુસાર હાથ ધરવા અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

**કામ નં. (૨) :** પેટલાદ નગરપાલિકાની ગત મળેલ સભાનાં પ્રોસીડીગને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૨ / તા.૨૫/૫/૨૨**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભા ગત તા.૨૪/૦૩/૨૦૨૨ નાં રોજ મળેલ હતી. જે ગત મળેલ સભાનાં પ્રોસીડીગને વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી-૨૨ થી માહે માર્ચ-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબત

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાCવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**ઠરાવ નં. ૩ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ધરતીબેન જે. પટેલ, શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી-૨૨ થી માહે માર્ચ-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી-૨૨ થી માહે માર્ચ-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૪) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૧ થી માહે માર્ચ-૨૨ સુધીનો વાર્ષિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબત

**ઠરાવ નં. ૪ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ મનિષાબેન. એમ. ચૌહાણ, શ્રીમતિ ધરતીબેન જે. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૧ થી માહે માર્ચ-૨૨ સુધીનો વાર્ષિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૧ થી માહે માર્ચ-૨૨ સુધીનો વાર્ષિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૫) :** શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી-૨૨ થી માહે માર્ચ-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબત

**ઠરાવ નં. ૫ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી-૨૨ થી માહે માર્ચ-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી-૨૨ થી માહે માર્ચ-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઇપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૬) :** શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૧ થી માહે માર્ચ-૨૨ સુધીનો વાર્ષિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબત

**ઠરાવ નં. ૬ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૧ થી માહે માર્ચ-૨૨ સુધીનો વાર્ષિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૧ થી માહે માર્ચ-૨૨ સુધીનો વાર્ષિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૭) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કામ સાથે સામેલ રીપોર્ટમાં જણાવેલ કાંસની સફાઇ કરાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ

**ઠરાવ નં. ૭ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી નરેશકુમાર આર. તળપદા, શ્રી ભાવિન એમ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કામ સાથે સામેલ રીપોર્ટમાં જણાવેલ કાંસની સફાઇ કરાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ ન જાય અને વરસાદી પાણીનો સરળતાથી નિકાલ થઇ શકે તેવા આગોતરા આયોજનનાં ભાગરૂપે આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં લઇ શહેરમાં આવેલ કાંસની સફાઇ કરાવવી જરૂરી છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કામ સાથે સામેલ રીપોર્ટમાં જણાવેલ વિવિધ વિસ્તારોનાં કાંસની સફાઇ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. આવી કામગીરી માટે સને ૨૦૨૧-૨૨ માં મંગાવવામાં આવેલ ભાવો પૈકી મંજુર થયેલ ભાવથી તે એજન્સી પાસેથી કામગીરી કરાવી લેવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. અને આ અંગે આગળની જરૂરી આનુસાંગિક તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન. પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૮) :** કારોબારી સમિતિની ભલામણ સહ ટાવરનાં આગળનાં ભાગમાં કંપાઉન્ડ વોલ બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ

**ઠરાવ નં. ૮ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

કારોબારી સમિતિની ભલામણ સહ ટાવરનાં આગળનાં ભાગમાં કંપાઉન્ડ વોલ બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વર્ષો પુરાણું મણીભાઇ દિવાન ટાવર આવેલ છે. આ ટાવરનું નગરપાલિકા દ્વારા જરૂરી રીનોવેશન કરાવવામાં આવે છે. હાલમાં આ ટાવરનાં આગળનો ભાગ તદ્દન ખુલ્લો હોવાથી ત્યાં ગંદકી ન થાય અને સ્વચ્છતા જળવાઇ રહે તે માટે તેમજ તેની સલામતિ માટે આગળનાં ભાગમાં કંપાઉન્ડ વોલ બનાવવી જરૂરી જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મણીભાઇ દિવાન ટાવરનાં આગળનાં ભાગમાં નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કંપાઉન્ડવોલ બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા. ૪૦,૦૦૦/- નાં અંદાજીત ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન. પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન એમ. પઠાણએ મૌખિક રીતે જણાવ્યુ કે, આ કામ સાથે ઘડિયાળનું પણ રીપેરીગ કામ કરાવી લેવુ જોઇએ. જે બાબતે અધ્યક્ષશ્રીએ જણાવ્યુ કે, આ કામ સાથે તેનાં ટેકનિશીયન સાથે પરામર્શ કરી ઘડિયાળનું પણ રીપેરીગ કામ કરાવવામાં આવનાર છે. જેથી સદર બાબતે કોઇ લેખિતમાં સુધારો રજૂ થયેલ નથી.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૯) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા દ્વારા સેવા સેતુ કાર્યક્રમ યોજવા અંગે થનાર ખર્ચ મંજુર કરવા બાબત

**ઠરાવ નં. ૯ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી નરેશકુમાર આર. તળપદા, શ્રી ભાવિન એમ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા દ્વારા સેવા સેતુ કાર્યક્રમ યોજવા અંગે થનાર ખર્ચ મંજુર કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં ગુજરાત સરકારશ્રીનાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ઠરાવ ક્રમાંકઃ વહસ-૧૦૨૦૨૨-૩૦૩૯(૧૮)-વસુતાપ્ર-૨ તા.૦૪/૦૪/૨૦૨૨ થી ઠરાવ કરી રાજયનાં વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યકિતલક્ષી રજૂઆતોનાં ઉકેલની ઝડપ વધે તે માટે મહાનગરપાલિકા અને નગરપાલિકા કક્ષાએ સેવા સેતુ કાર્યક્રમ (શહેરી) (આઠમો તબક્કો) યોજવા જણાવેલ છે. તે આધારે પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ ઠરાવમાં જણાવેલ વિગતે યોજવાનો થતો હોઇ સમયમર્યાદાને ધ્યાને લઇ રા.પ્રમુખશ્રીએ સામાન્ય સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે થયેલ રૂા.૨૫,૯૪૦/- નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થયેલ ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન. પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૦) :** કારોબારી સમિતિની ભલામણ સહ સ્વચ્છ ભારત મિશન ૨.૦ ના અસરકારક અમલીકરણ માટેની ભારત સરકારની ગાઇડ લાઇન મુજબ નક્કી કરેલા કોમ્પોનંટ્સ

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

ભારત સરકાર સાથે એમ.ઓ.યુ. કરવા બાબત

**ઠરાવ નં. ૧૦ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી સુનિલકુમાર એસ. પટેલ, શ્રી નરેશકુમાર આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ સ્વચ્છ ભારત મિશન ૨.૦ ના અસરકારક અમલીકરણ માટેની ભારત સરકારની ગાઇડ લાઇન મુજબ નક્કી કરેલા કોમ્પોનંટ્સ ભારત સરકાર સાથે એમ.ઓ.યુ. કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સ્વચ્છ ભારત મિશનનો પ્રથમ તબક્કો પૂર્ણ થયેલ છે. બીજા તબક્કા માટે ભારત સરકારશ્રી દ્વારા ડ્રાફટ તથા તેની ગાઇડલાઇન બહાર પાડવામાં આવેલ છે. સ્વચ્છ ભારત મિશનનાં બીજા તબક્કામાં ભારત સરકારે (૧) સસ્ટેઇનેબલ સેનીટેશન (૨) વેસ્ટ વોટર મેનેજમેન્ટ (૩) સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ (૪) આઇ ઇ સી એકટીવિટી તથા (૫) કેપેસીટી બિલ્ડીગ જેવા ઘટકો નક્કી કરેલ છે. આ અંતર્ગત માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા સ્વચ્છ ભારત મિશન ૨.૦ લોન્ચ કરી અમલમાં આવનાર છે. આ કાર્યક્રમમાં રાજયની તમામ નગરપાલિકાઓએ સ્વચ્છ ભારત મિશન ૨.૦ નાં ઘટકોની અસરકારક કામગીરી બાબતે ભારત સરકાર સાથે સરકારશ્રીએ નક્કી કરેલ મુસદ્દા મુજબના એમ.ઓ.યુ. કરવાનાં થાય છે. તે આધારે સ્વચ્છ ભાર મિશન ૨.૦ અંતર્ગત સરકારશ્રીનાં ઓનલાઇન ડીઝીટલ પ્લેટફોર્મ પર સરકારશ્રી સાથે એમ.ઓ.યુ. કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન. પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૧) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ચતુ:વર્ષીય આકારણી કરવા બાબત

**ઠરાવ નં. ૧૧ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી સુનિલકુમાર એસ. પટેલ, શ્રી નરેશકુમાર આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ચતુ:વર્ષીય આકારણી કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા દ્વારા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની જોગવાઇઓ હેઠળ દર ચાર વર્ષે ચતુ:વર્ષીય આકારણી કરવાની હોય છે. જે છેલ્લે સને ૨૦૦૪-૦૫ માં કરવામાં આવેલ હતી. ત્યારબાદ ભાડા આધારિત આકારણીને બદલે ક્ષેત્રફળ આધારિત આકારણી કરવા સરકારશ્રી દ્વારા જાહેરનામુ બહાર પાડી સુચના આપી તેનો અમલ કરવા જણાવેલ હતું. તે આધારે પેટલાદ નગરપાલિકામાં ક્ષેત્રફળ અને તેનાં વિવિધ ફેકટર આધારિત કોમ્પ્યુટરાઇઝ્ડ આકારણી કરવામાં આવે છે. જેથી કોઇ ખાસ ફેરફાર થતાં ન હોવાથી ચતુ:વર્ષીય આકારણી કરવાની જરૂરિયાત ન જણાતાં જે તે વર્ષોમાં આવી આકારણી કરવામાં આવેલ ન હતી. પણ પ્રતિ વર્ષ આકારણીમાં બાંધકામ પરવાનગી અને સુધારા-વધારા માટે આવતી અરજીઓ પરત્વે ઘટતી કાર્યવાહીથી તેમાં સુધારા-વધારા કરવામાં આવે છે. પરંતુ હાલમાં શહેરમાં થઇ રહેલ વિકાસને ધ્યાનમાં લેતાં અને ગત વર્ષે પેટલાદનાં રેવન્યુ સર્વે નંબરોને સરકારશ્રી દ્વારા જાહેરનામાથી ભૌગોલિક રીતે પેટલાદ નગરપાલિકા હદમાં સમાવેશ કરવામાં આવેલ છે. તેથી આવા વિસ્તારોમાં આવેલ મિલકતોની પણ આકારણી કરવાની થાય છે. સદર બાબતે પેટલાદ નગરપાલિકાની સામાન્ય સમગ્ર સભાનાં ઠરાવ નં.૪૯ / તા.૧૦/૦૨/૨૦૨૦ થી ઠરાવ પણ કરવામાં આવેલ છે. આ ઠરાવમાં ઠરાવ્યા આધારે આવી આકારણી કરવા અપેલેટ ઓફિસર તરીકે નિવૃત મામલતદાર કક્ષાનાં કર્મચારીને યોગ્ય કાર્યવાહીથી નિયુકત કરવા ઠરાવેલ હતું પરંતુ જે તે સમયનાં ચીફ ઓફિસરશ્રી દ્વારા ખાસ નિયુકિત પાછળ થતાં ખર્ચને નગરપાલિકાનાં હિતમાં ન કરવા મૌખિક રીતે જણાવેલ હતું. તેથી તે સમયે આ

નોંધ:- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

બાબતે કોઇ કાર્યવાહી હાથ ધરાયેલ ન હતી. પરંતુ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતોમાં થયેલ ફેરફાર અને વિકાસ જોતાં નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતોની પુનઃ ચકાસણી સહ નવિન ચતુ:વર્ષીય આકારણી આગામી નાણાંકીય વર્ષની પૂર્વ તૈયારી રૂપે આકારણી કરવા ઠરાવવામાં આવે છે. આ કામે ટેક્ષ વિભાગનાં સક્ષમ કર્મચારી, સહ કર્મચારી, પટાવાળા તથા ઓફિસ વિભાગમાંથી સીનીયર કર્મચારીને રોકી ચતુ:વર્ષીય આકારણી કરવા ઠરાવવામાં આવે છે. તે અંગે થનાર ખર્ચ મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન. પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૨) :** પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં જુદા જુદા પંપીગ સ્ટેશનો માટે સ્પેર સબમર્સિબલ પંપ નંગ-૦૬ અને એ.ટી.એસ. પેનલ સ્ટાર્ટર નંગ-૦૬ તથા પી.વી.સી. કોલમ પાઇપ નંગ-૪૦ ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ

**ઠરાવ નં. ૧૨ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવિન એમ. પટેલ, શ્રીમતિ ધરતીબેન જે. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં જુદા જુદા પંપીગ સ્ટેશનો માટે સ્પેર સબમર્સિબલ પંપ નંગ-૦૬ અને એ.ટી.એસ. પેનલ સ્ટાર્ટર નંગ-૦૬ તથા પી.વી.સી. કોલમ પાઇપ નંગ-૪૦ ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં વિવિધ પંપીગ સ્ટેશનોમાં હાલમાં કાર્યરત પંપ વપરાશને કારણે જો બગડી જાય તો ટાંકી ભરવાની મુશ્કેલી પડે અને જે તે હેડવર્કસ દ્વારા શહેરમાં આપવામાં આવતો પાણી પૂરવઠો ખોરવાઇ જાય તેમ છે. તેથી જો સ્પેર પંપ વસાવવામાં આવે તો આકસ્મિક સંજોગોમાં ઉપયોગમાં લઇ શકાય. તેથી પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં વિવિધ પંપીગ સ્ટેશનો માટે સ્પેર સબમર્સિબલ પંપ નંગ-૬ તથા તેનાં એ.ટી.એસ. પેનલ સ્ટાર્ટર નંગ-૬ તથા પી.વી.સી. કોલમ પાઇપ નંગ -૪૦ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નવિન ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે ગુજરાત પાણી પૂરવઠા બોર્ડનાં સને ૨૦૨૧-૨૨ નાં એસ.ઓ.આર. મુજબ તૈયાર થઇ આવેલ રૂા.૮,૧૦,૦૦૨/- નાં અંદાજીત ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ૧૫ મા નાણાંપંચની અનટાઇડ સદરની ઉપલબ્ધ ગ્રાન્ટની રકમમાંથી કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન. પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૩) :** પેટલાદ નગરપાલિકામાં ઇ-ગવર્નન્સ અંતર્ગત વસાવેલ વિવિધ સોફ્ટવેરનાં વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી સોંપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૩ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવિન એમ. પટેલ, શ્રીમતિ ભૌમિબેન પી. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

પેટલાદ નગરપાલિકામાં ઇ-ગવર્નન્સ અંતર્ગત વસાવેલ વિવિધ સોફ્ટવેરનાં વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી સોંપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં ઇ-ગવર્નન્સ અંતર્ગત જુદા જુદા વિભાગોની કામગીરીને અનુલક્ષીને પ્રોપર્ટી ટેક્ષ, મેરેજ રજીસ્ટ્રેશન, જન્મ-મરણ, વ્યવસાય વેરા, બી.પી.એલ. વિગેરે જેવા સોફ્ટવેર જરૂરી કાર્યવાહી હાથ ધરી હિન્દુસ ઇન્ફોસીસ, અમદાવાદ પાસેથી ખરીદ કરવામાં આવેલ છે. આ સોફ્ટવેરનાં વાર્ષિક મેન્ટેનન્સ માટે ગત વર્ષે હિન્દુસ ઇન્ફોસીસ, અમદાવાદને સામાન્ય સભાનાં ઠરાવ નં.૨૨ / તા. ૧૯/૬/૨૧ થી ઠરાવ કરી કામગીરી સોંપવામાં આવેલ હતી. આ તમામ સોફ્ટવેર તેઓ પાસેથી જ ખરીદ કરેલ હોઇ મેન્ટેનન્સ કામગીરી સરળતાથી થઇ શકે છે. વધુમાં સોફ્ટવેર ખરીદ કર્યેથી ગત વર્ષ સુધી પ્રતિ વર્ષ આ એજન્સી પાસેથી આવી કામગીરી કરાવવામાં આવે છે. તેથી તેઓ અનુભવી અને જાણકાર પણ છે. તથા આ સમયગાળા દરમ્યાન તેઓની મેન્ટેનન્સની કામગીરી સંતોષકારક રહેલ છે. જે જોતાં આગામી નાણાંકીય વર્ષ માટે વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી તેઓને સોંપવા હિતાવહ જણાય છે. પરંતુ સરકારશ્રીની સુચના અનુસાર ઇ-નગર યોજના અન્વયે આ તમામ પ્રોગ્રામ ઓનલાઇન પ્રક્રિયામાં તબદીલ કરવામાં આવનાર છે અને તે પૈકી જન્મ, મરણ અને લગ્ન નોંધણી, વ્યવસાય વેરા, પ્રોપર્ટી ટેક્ષ એ ઓનલાઇન પ્રક્રિયા સાથે જોડવામાં પણ આવેલ છે. જેથી સરકારશ્રીની મળનાર આગામી સૂચના અન્વયે અન્ય વિભાગોનાં તમામ ડેટા એન્ટ્રી સરકારશ્રીનાં ઓનલાઇન સોફ્ટવેર માટે તબદીલ કરી આપવાની શરતે અને તે કારણસર જે સોફ્ટવેરનો ઉપયોગ બંધ થાય તેવા સંજોગોમાં તે દિવસથી મેન્ટેનન્સનો ખર્ચ બાદ કરી આપવાની શરતે પેટલાદ નગરપાલિકામાં વસાવેલ વિવિધ સોફ્ટવેરની વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી હિન્દુસ ઇન્ફોસીસ, અમદાવાદને નગરપાલિકાનાં હિતને ધ્યાને રાખી વખતોવખતનાં ઠરાવને આધિન ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે સોંપવા ઠરાવવામાં આવે છે. તથા તે અંગેનાં એકાઉન્ટીગ સીસ્ટમ તથા નગરપાલિકાની વેબસાઇટ અને મેન્ટેનન્સનાં મળી કુલ આવેલ રૂા.૧,૫૭,૦૨૦/-નો ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. અને ઓનલાઇન ડેટા એન્ટ્રી કરવામાં નિષ્ફળ જાય તો ખર્ચની રકમનાં ૫૦% રકમ ચૂકવવા અને જો સંપૂર્ણ માહિતી ઓનલાઇન ડેટા એન્ટ્રી સરકારશ્રીનાં સોફ્ટવેરમાં કરી આપે તો પૂરેપૂરી ખર્ચની રકમ ચૂકવવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા માન.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૪) :** પેટલાદ નગરપાલિકાનાં બાંધકામ વિભાગમાં મેન્ટેનન્સ કામે ઉપયોગમાં લેવામાં આવતાં વિવિધ વાહનોનું રીપેરીગ કરાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ

**ઠરાવ નં. ૧૪ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ મિનાક્ષીબેન એમ. રાઠોડ, શ્રી સુનિલકુમાર એસ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં બાંધકામ વિભાગમાં મેન્ટેનન્સ કામે ઉપયોગમાં લેવામાં આવતાં વિવિધ વાહનોનું રીપેરીગ કરાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા ને સરકારશ્રીનાં જી.યુ.ડી.સી. દ્વારા વિવિધ સાધનોની ફાળવણી કરવામાં આવેલ છે. તે પૈકી ભૂગર્ભ ગટર યોજનાની સફાઇ કામગીરી અર્થે ઉપયોગમાં લેવામાં આવતાં વાહન (૧) ડી સીલ્ટીગ મશીન નાનુ વાહન નં. જીજે-૨૩ જી-૦૩૭૮ (૨) મીની જેટીગ મશીન વાહન નં.જીજે-૨૩ જી-૦૩૭૬ તથા (૩) જેટીગ મશીન મોટુ વાહન નં. જીજે-૨૩ જી-૦૩૭૭ ભૂગર્ભ ગટર યોજનાની સફાઇ કામે તેનાં વિવિધ વપરાશને કારણે બગડી ગયેલ છે. આગામી ચોમાસાની ઋતુમાં વરસાદી પાણીનાં નિકાલ સાથે રોડ પરનાં કચરા સાથે ભૂગર્ભ ગટરમાં

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફક્ત આપના જાણ માટે જ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઇપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

પાણીનું વહન થવાનાં કામરણે મરામતની ફરિયાદો વધુ આવતી હોય છે. તેથી તેનાં આગોતરા આયોજન માટે આ સાધનો રીપેરીગ કરાવવા જરૂરી છે. તેથી આ સાધનો રીપેરીગ કરાવવાનાં આવેલ અનુક્રમે (૧) રૂા.૮૬,૪૯૪/-, (૨) ૧,૨૯,૨૧૦/- તથા (૩) ૨,૭૪,૫૪૬/- નાં અંદાજીત ખર્ચ મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ એમ. કાજી સભાખંડમાં હાજર થાય છે.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

## <u>સામાન્ય સભાનાં ઠરાવની નકલ</u>

**કામ નં. (૧૫) :** પેટલાદ નગરપાલિકામાં "અમૃત-૨" યોજનાનો અમલ કરવા બાબતે આવેલ માર્ગદર્શિકા વંચાણમાં લઇ વિકાસનાં કામો હાથ ધરવા બાબત

**ઠરાવ નં. ૧૫ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં "અમૃત-૨" યોજનાનો અમલ કરવા બાબતે આવેલ માર્ગદર્શિકા વંચાણમાં લઇ વિકાસનાં કામો હાથ ધરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવને અનુલક્ષીને વિવિધ યોજનાઓ અમલમાં મુકેલ છે. તે પૈકી અમૃત-૨ યોજના પણ અમલમાં મુકેલ છે. અને આ યોજના થકી કયા વિકાસનાં કામ અને કેવી રીતે આયોજન કરી ગ્રાન્ટ મેળવી શકાય વિગેરે જેવી બાબતોની ગાઇડ લાઇન બહાર પાડવામાં આવેલ છે. આ ગાઇડ લાઇન મુજબ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં હાથ ધરવાનાં થતાં વિકાસના કામો નક્કી કરવા માનનીય પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે. અને આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા માન.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૬) :** પેટલાદ નગરપાલિકામાં “નલ સે જલ” યોજનાનો અમલ કરવા બાબતે આવેલ માર્ગદર્શિકા વંચાણમાં લઇ વિકાસનાં કામો હાથ ધરવા બાબત.

**ઠરાવ નં. ૧૬ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં “નલ સે જલ” યોજનાનો અમલ કરવા બાબતે આવેલ માર્ગદર્શિકા વંચાણમાં લઇ વિકાસનાં કામો હાથ ધરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા નલ સે જલ યોજનાની જરૂરી ગાઇડ લાઇન બહાર પાડવામાં આવેલ છે. તથા આ યોજનાનો મુખ્ય હેતુ તમામ ઘરમાં પીવાનું પાણી નળનાં સ્ત્રોત દ્વારા પુરું પાડવાનો છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ તમામ મિલકતોમાં પીવાનાં પાણી નળનાં સ્ત્રોત દ્વારા આપવા માટે આ ઠરાવને આધિન સરકારશ્રી દ્વારા એજન્સી નિમવામાં આવશે અને તે એજન્સી દ્વારા જરૂરી સર્વે કરી જરૂર મુજબનાં સંપ, ટાંકીઓ તથા પાઇપ લાઇનના ચુડીપી તૈયાર કરી સરકારશ્રીમાં મોકલવામાં આવ્યા બાદ મંજુરી આપવામાં આવશે. અને ત્યારબાદ જરૂર મુજબની કામગીરી હાથ ધરી શકાય. તેથી પેટલાદ નગરપાલિકામાં નલ સે જલ યોજનાનો અમલ કરવા ઠરાવવામાં આવે છે. અને આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા માન.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૭) :** સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ૧૫ મા નાણાંપંચની ટાઇડ સદરની ગ્રાન્ટનાં કામો નક્કી કરી જરૂરી ગ્રાન્ટની રકમ મેળવવા કાર્યવાહી હાથ ધરવા બાબત

**ઠરાવ નં. ૧૭ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ૧૫ મા નાણાંપંચની ટાઇડ સદરની ગ્રાન્ટનાં કામો નક્કી કરી જરૂરી ગ્રાન્ટની રકમ મેળવવા કાર્યવાહી હાથ ધરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા ૧૫ મા નાણાંપંચની ગ્રાન્ટ ટાઇડ અને અનટાઇડ સદર એમ બે સદર હેઠળ ફાળવવામાં આવે છે. જેમાં ગ્રાન્ટનાં હુકમમાં જણાવેલ ધારાધોરણોને આધિન ટાઇડ અને અન ટાઇડ સદરનાં કામો નક્કી કરવાનાં રહે છે. તેથી ૧૫ મા નાણાંપંચની ગાઇડ લાઇન મુજબ ટાઇડ સદર હેઠળ ઘન-કચરાનાં વ્યવસ્થાપન અંગે, ડોર ટુ ડોર ઘન-કચરાનું કલેકશન, જાહેર સફાઇ કામો, ઘન-કચરાનું વ્યવસ્થાપન અને તેનો નિકાલ વિગેરે જેવા કામો હાથ ધરી શકાય તેમ છે.

હાલમાં પેટલાદ નગરપાલિકા દ્વારા ઉપરોકત આ તમામ કામગીરી કરવામાં આવે છે અને તે પેટે થતો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવો પડે છે. તેથી જો આવા કામો માટે જરૂરી દરખાસ્ત કરી સરકારશ્રીમાં રજૂ કરવામાં આવે તો આ સદર હેઠળ કામો હાથ ધરી શકાય તેમ છે અને તેનાથી સંસ્થાને ઘણો આર્થિક ફાયદો થાય તેમ છે.

આ તમામ હકીકતો ધ્યાને લઇ પેટલાદ નગરપાલિકાને સરકારશ્રી દ્વારા ૧૫ મા નાણાંપંચની ફાળવેલ ગ્રાન્ટનાં ટાઇડ સદર હેઠળ (૧) પેટલાદ નગરપાલિકામાં ડોર ટુ ડોર ઘન-કચરા કલેકશનની કામગીરી (૨) ઘન-કચરાનાં વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાની કામગીરી તથા (૩) જાહેર માર્ગો ફ્રી ગાર્બેજ કરવાનું કામ જેવા કામો નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા માન.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૮) :** પેટલાદ નગરપાલિકાનાં વિવિધ વિભાગોમાં ફીકસ પગારથી ફરજ બજાવતાં કર્મચારીઓનાં ફીકસ પગારની રકમ નક્કી કરવા બાબત.

**ઠરાવ નં. ૧૮ / તા.૨૫/૫/૨૨**

સદર કામ ફેર વિચારણા માટે હાલ પૂરતુ મુલત્વી રાખવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૯) :** પેટલાદ નગરપાલિકામાં સરકારશ્રીની એપ્રેન્ટીસ યોજનાનો અમલ કરવા ઘટતી કાર્યવાહી હાથ ધરવા બાબત

**ઠરાવ નં. ૧૯ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષી, શ્રી ભાવિન એમ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં સરકારશ્રીની એપ્રેન્ટીસ યોજનાનો અમલ કરવા ઘટતી કાર્યવાહી હાથ ધરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં ગુજરાત સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર કચેરીનાં પત્ર ક્રમાંકઃ પરચ / ૧૦૨૦૧૮ / ૫૯૪ / સં તા.૨૨/૦૨/૨૦૨૨ થી પત્ર પાઠવી મુખ્યમંત્રીશ્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ માટે લક્ષ્યાંક ફાળવવામાં આવેલ છે. તે આધારે મે.કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલિટી, એડમિનિસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ કમિ.મ્યુનિ. / ન.પા.વ./ વશી / ૫૪૬ /૨૦૨૨ તા.૦૨/૦૩/૨૦૨૨ થી પત્ર પાઠવી સરકારશ્રીની અપ્રેન્ટીસ યોજના અંતર્ગત ફાળવેલ લક્ષ્યાંક પરત્વે કાર્યવાહી હાથ ધરી લક્ષ્યાંક પૂર્ણ કરવા જણાવેલ છે. તે આધારે પેટલાદ નગરપાલિકામાં એપ્રેન્ટીસ યોજનાનો અમલ કરવાનો રહે છે. પેટલાદ નગરપાલિકામાં હાલમાં ખાલી રહેતી જગ્યાઓ પૈકી ૧૦% જગ્યાઓ આ યોજના હેઠળ આવરી શકાય તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકામાં સરકારશ્રીની એપ્રેન્ટીસ યોજનાનો અમલ કરી કક્ષ્યાંક પૂર્ણ કરવા ઠરાવ કરવામાં આવે છે. તે માટે (૧) એસ.આઇ.-૦૩ (૨) વાલમેન-૦૨ (૩) સર્વેયર (સીવિલ)-૦૧ (૪) મિકેનિકલ એન્જીનિયર -૦૧ તથા (૫) વાયરમેન -૦૧ મળી કુલ ૦૮ એપ્રેન્ટીસની જગ્યાઓ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી એપ્રેન્ટીસ કર્મચારીઓની નિમણૂંક કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા માન.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૦) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ આંગણવાડીઓ માટે જગ્યાની ફાળવણી કરવા આઇ.સી.ડી.એસ. વિભાગ તરફથી આવેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ

**ઠરાવ નં. ૨૦ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષી, શ્રી ભાવિન એમ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ આંગણવાડીઓ માટે જગ્યાની ફાળવણી કરવા આઇ.સી.ડી.એસ. વિભાગ તરફથી આવેલ પત્ર વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ આંગણવાડીઓ પૈકી જે વિસ્તારની આગણવાડીઓ બનાવવાની બાકી છે તે માટે જગ્યાની ફાળવણી કરવા મે.પ્રાંત અધિકારીશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલ સંકલન સમિતિની બેઠકમાં આઇ.સી.ડી.એસ. વિભાગ દ્વારા રજૂઆત કરવામાં આવતાં માર્ગ અને મકાન (પંચાયત) પેટા વિભાગનાં એન્જીનિયર સાથે પેટલાદ નગરપાલિકાનાં એન્જીનિયર એ પરામર્શ કરી જરૂરિયાત મુજબની જમીનની ઉપબ્ધીને આધિન આંગણવાડીનાં બાંધકામ માટે જગ્યાની ફાળવણી કરવા જણાવેલ હતું તે આધારે બાકી રહેતાં વિસ્તારોની સ્થળ તપાસ કરવામાં આવતાં માર્ગ અને મકાન (પંચાયત) પેટા વિભાગનાં નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા તેઓની કચેરીનાં પત્ર ક્રમાંકઃ પીબી / વશી / ૯૩ તા. ૩૦/૦૪/૨૦૨૨ થી પાઠવેલ પત્રમાં જણાવેલ વિગતે આંગણવાડી માટે જગ્યાની ફાળવણી કરવા અહેવાલ આપવામાં આવેલ છે તે આધારે આઇ.સી.ડી.એસ. ઘટક-૧ નાં સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીશ્રી દ્વારા તેઓની કચેરીનાં પત્ર ક્રમાંકઃ આઇસીડીએસ / વશી /૨૫ તા.૦૬/૦૫/૨૦૨૨ થી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ આંગણવાડીઓ પૈકી જે વિસ્તારની આંગણવાડીનું બાંધકામ બાકી છે તેવા વિસ્તાર સાથે જગ્યાની ફાળવણી કરવા જણાવેલ છે. જે પત્રમાં જણાવ્યા અનુસાર જણાવેલ વિગતે (૧) બુલાખીની ચાલી-રસ્તા પૈકીની સરકારી જગ્યા (૨) પૂર્ણાનંદ આશ્રમ-રસ્તા પૈકીની સરકારી જગ્યા (૩) પેન્સિલ ફેકટરી-ઉપલબ્ધ સરકારી જગ્યા (૪) ખોડિયાર ભાગોળ-ઉપલબ્ધ સરકારી જગ્યા આંગણવાડીનાં બાંધકામ માટે ફાળવવા ઠરાવવામાં આવે છે. આ ઉપરાંત ગોલવાડ, તાઇવાડો તથા દેવકુવા ભાગોળ માટે ભવિષ્યમાં સરકારી જગ્યા મળી આવ્યેથી આંગણવાડીના બાંધકામ માટે ઉપલબ્ધ થનાર સરકારી જગ્યા ફાળવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા માન.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૧) :** પેટલાદ નગરપાલિકામાં સ્માર્ટ વિકાસ મોનેટરીગ સોલ્યુશનની કામગીરી કરવા બાબત
**ઠરાવ નં. ૨૧ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવિન એમ. પટેલ, શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં સ્માર્ટ વિકાસ મોનેટરીગ સોલ્યુશનની કામગીરી કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી વિવિધ ગ્રાન્ટની રકમમાંથી વિકાસનાં કામો તથા અન્ય વિકાસલક્ષી કામો નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવે છે. આ કામોનો આધુનિક ટેકનોલોજીનાં ઉપયોગથી સંપૂર્ણ પારદર્શક કામગીરી થઇ શકે અને તેનું સુપરવિઝન પણ કોમ્પ્યુટર / મોબાઇલ કે ટેલિવિઝન જેવા માધ્યમથી ચોવીસ કલાક દેખરેખ રાખી શકાય તે માટે સ્માર્ટ વિકાસ મોનીટરીગ સોલ્યુશન સોફટવેર પુરુ પાડવા માટે મરકયુરી ઇન્ફોવે, અમદાવાદ દ્વારા સોફટવેર થકી કરવામાં આવનાર કામગીરી અને તેનાં ફાયદા તથા સોફટવેરની અંદાજીત કિંમત વિગેરે જેવી પ્રાથમિક માહિતી મોકલી આપેલ છે. જેનો અભ્યાસ કરતાં આ સોફટવેર વસાવવુ ઉચિત જણાય છે તથા જણાવેલ વિગતો જોતાં કામગીરી કરાવવી યોગ્ય જણાય છે. પરંતુ સોફટવેરની કિંમત જોતાં અંદાજે રૂા.૨૫.૦ લાખ જેટલી થવા જાય છે જે ઘણી મોટી અને માતબર રકમ છે જેથી જો સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી વિવિધ ગ્રાન્ટ પૈકીની રકમમાંથી અથવા ખાસ કિસ્સામાં દરખાસ્ત કરી ગાન્ટની રકમની માંગણી કર્યેથી જો ગાન્ટની રકમ ફાળવવામાં આવે તો તેવી ગ્રાન્ટની રકમમાંથી આ સોફટવેર વસાવી અને કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા માન.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાતવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

પ્રમુખ

પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૨) :** સરકારશ્રીમાંથી ફાળવેલ યુ.ડી.પી.-૮૮ ની અગાઉનાં વર્ષોની ગ્રાન્ટની રકમમાંથી હાથ ધરવામાં આવેલ વિકાસનાં કામો બાદ બચત રહેતી ઉપલબ્ધ ગ્રાન્ટની રકમમાંથી વિકાસનાં કામો નક્કી કરવા બાબત

**ઠરાવ નં. ૨૨ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવિન એમ. પટેલ, શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રીમાંથી ફાળવેલ યુ.ડી.પી.-૮૮ ની અગાઉનાં વર્ષોની ગ્રાન્ટની રકમમાંથી હાથ ધરવામાં આવેલ વિકાસનાં કામો બાદ બચત રહેતી ઉપલબ્ધ ગ્રાન્ટની રકમમાંથી વિકાસનાં કામો નક્કી કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી વિવિધ ગ્રાન્ટની રકમમાંથી વિકાસનાં કામો પૂર્ણ કરવામાં આવતાં સને ૨૦૦૯ થી ૨૦૧૩ તથા ત્યારબાદ દર વર્ષે ફાળવવામાં આવતી ગ્રાન્ટની રકમનાં યુ.ટી.સી તૈયાર કરવામાં આવતાં યુડીપી-૭૮, યુડીપી-૮૮ જેવી વિવિધ ગ્રાન્ટની રકમમાંથી અંદાજે રૂા.૮૦.૦૦ લાખ જેટલી રકમ બચત રહેવા પામેલ છે. આ બચત રહેતી રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વિકાસનાં કામો હાથ ધરવાનાં થાય છે. જેની સરકારશ્રીનાં સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવવાની થાય છે. જે માટે વિકાસનાં કામો નક્કી કરવા માનનીય પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા માન.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-

(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)

પ્રમુખ

પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૩) :** સરકારશ્રીમાંથી ફાળવેલ યુ.ડી.પી.-૮૮ હેઠળની રૂા.૧.૫૦ કરોડની ગાન્ટની રકમમાંથી વિકાસનાં કામો નક્કી કરવા બાબત

**ઠરાવ નં. ૨૩ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કોકીલાબેન એ. તળપદા, શ્રી સુનિલકુમાર એસ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રીમાંથી ફાળવેલ યુ.ડી.પી.-૮૮ હેઠળની રૂા.૧.૫૦ કરોડની ગાન્ટની રકમમાંથી વિકાસનાં કામો નક્કી કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીના ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ગાંધીનગર કચેરીનાં દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / SJMMSVY (UDP-88)ગ્રી.ત./ ૨૦૨૨-૨૩/ ન.પા.- આં.મા.વિ. /પ્ર.હ. / ૨૦૨૨ / ૭૪૭૪ તા.૨૬/૦૪/૨૦૨૨ થી પેટલાદ નગરપાલિકાને રૂા.૧.૫૦ કરોડની ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ છે. સદર ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી નીચે જણાવ્યા મુજબનાં વિકાસનાં કામો નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે.આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા માન.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

| ક્રમ | કામની ટૂંકમાં વિગત |
|---|---|
| (૧) | પ્રમુખ સોસાયટીની બાજુમાંથી પસાર થતાં કાંસને સ્ટોન વોટર ડ્રેઇન કરવાનું કામ |
| (૨) | બોડીકુવા વિસ્તારમાં તળપદા વિજયભાઇ કાંતિભાઇના ઘરથી પૂનમભાઇ ચીમનભાઇ તળપદાનાં ઘર તરફ તથા મનુભાઇ લક્ષ્મણભાઇના ઘર તરફના રસ્તામાં સી.સી કરવાનું કામ |
| (૩) | સ્વામિ સચ્ચિદાનંદ ટાઉનશીપ સામેનો ટી.પી. રોડ સી.સી કરવાનું કામ |
| (૪) | તરવાડી પાડીની બાજુમાં આવેલ નાગરિક બેન્કનાં ખાંચામાં સીસી કરવાનું કામ |

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાKવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.

૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

| | |
|---|---|
| (૫) | વસંદાકુઇમાં બાકી રહેલ ભાગમાં સીસી કરવાનું કામ |
| (૬) | સચિન સોસાયટીથી હરિહર સોસાયટી તરફનો ટી.પી. રોડ પહોળાઇ સાથે રીસર્ફેસીગ કરવાનું કામ |
| (૭) | સિનિયર સીટીઝન પાર્કને જરૂરી સુવિધાયુકત બનાવવાનું કામ |

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૪) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ખાણી-પીણીની લારીઓ તથા અન્ય લારીઓ માટે અલગ જગ્યાની ફાળવણી કરવા બાબત

**ઠરાવ નં. ૨૪ / તા.૨૫/૫/૨૨**

સદર કામ ફેર વિચારણા માટે હાલ પૂરતુ મુલત્વી રાખવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૫) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ માટે એજન્સી નક્કી કરી કરાર કરવા બાબત

**ઠરાવ નં. ૨૫ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કોકીલાબેન એ. તળપદા, શ્રી ભાવિન એમ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ માટે એજન્સી નક્કી કરી કરાર કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ માટે એજન્સી નક્કી કરી તેની સાથે કરાર કરવા ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ કચેરી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક સભમ / ૧૦૨૦૧૯ / ૨૧૦૦ / SBM /૯૭ થી જણાવ્યા આધારે મે.પ્રાદેશિક કમિશ્નર શ્રી, નગરપાલિકાઓ, વડોદરા ઝોન કચેરી વડોદરાનાં પત્ર ક્રમાંક : પ્રા.ક. / SBM / 333 / ૨૦૨૨ તા.૮/03/૨૦૨૨ થી પત્ર પાઠવી જણાવ્યા આધારે પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ નિયમ-૨૦૧૬ અંતર્ગત નગરપાલિકા વિસ્તારમાં ઉત્પન્ન થતાં કચરાની પ્રક્રિયા કરી વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાનો થાય છે. આ કામગીરી માટે એજન્સી નક્કી કરી તેની સાથે કરાર કરી ઉકત કચેરીઓએ જાણ કરવા જણાવેલ છે. તે આધારે પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ઉત્પન્ન થતાં કચરાની પ્રક્રિયા કરી વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા જરૂરી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી એજન્સી નક્કી કરી તેઓ સાથે કરાર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

*** <u>જરૂરી વિષય તરીકેનાં કામ</u> :-**

**જ.વિ. (૧) :** પેટલાદ નગરપાલિકાની શોપિંગ સેન્ટર સમિતિનાં ચેરમેનપદેથી રાજીનામુ મુકવા અંગે
**કામ નં.** શ્રી રમેશભાઇ રાવજીભાઇ પરમારની આવેલ અરજી વંચાણમાં લઇ મંજુર કરવા બાબત.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**ઠરાવ નં. ૨૬ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવિન એમ. પટેલ, શ્રીમતિ કોકીલાબેન એ. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાની શોપિંગ સેન્ટર સમિતિનાં ચેરમેનપદેથી રાજીનામુ મૂકવા અંગે શ્રી રમેશભાઇ રાવજીભાઇ પરમારની આવેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાની શોપિંગ સેન્ટર સમિતિની રચના કરવા સામાન્ય સભાનાં ઠરાવ નં.૩ તા.૧૯/૦૪/૨૦૨૧ થી ઠરાવ્યા આધારે મ્યુનિ. સભ્ય શ્રી રમેશભાઇ રાવજીભાઇ પરમારની ચેરમેન પદે વરણી થયેલ છે. જેઓની પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૯૮ તા.૦૭/૦૩/૨૦૨૨ થી થયેલ ઠરાવ આધારે ઉપપ્રમુખ તરીકે વરણી થયેલ છે. તેથી તેઓએ પેટલાદ નગરપાલિકાની શોપિંગ સેન્ટર સમિતિનાં ચેરમેનપદેથી રાજીનામુ મુકવા અરજી કરેલ છે. જે આવેલ અરજી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**જ.વિ. (૨)** : પેટલાદ નગરપાલિકાની શોપિંગ સેન્ટર સમિતિની રચના કરવા બાબત.
**કામ નં.**

**ઠરાવ નં. ૨૭ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જલ્પાબેન બી. શાહ, શ્રીમતિ ધરતીબેન જે. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

મે. જિલ્લા કલેક્ટરશ્રીની કચેરી, આણંદનાં તા.૧૭/૦૬/૨૦૧૫ ના પત્રની વિગતે નગરપાલિકા અધિનિયમમાં થયેલ સુધારા અન્વયે પેટલાદ નગરપાલિકાનાં હાલનાં ચાલુ બોર્ડનાં પ્રથમ અઢી વર્ષ માટે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૫૫ ની જોગવાઇઓ તથા નિયમોની જોગવાઇઓ આધારે પ્રાપ્ત થયેલ તમામ અધિકારો સહિતની નીચે જણાવેલ સભ્યશ્રીઓની શોપિંગ સેન્ટર કમીટી ની રચના કરવા ઠરાવવામાં આવે છે.

* શોપિંગ સેન્ટર કમીટી:-

| અ.નં. | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | **શ્રી નરેશભાઇ રમેશભાઇ તળપદા** | **ચેરમેન શ્રી** |
| ૨. | શ્રી ભાવિન મહેન્દ્રભાઇ પટેલ | સભ્યશ્રી |
| ૩. | શ્રી જય ભરતભાઇ પટેલ | ” |
| ૪. | શ્રી અશ્વિનકુમાર રમણલાલ કાછીઆ | ” |
| ૫. | શ્રી જીજ્ઞેશકુમાર અનિરુધ્ધપ્રસાદ જોશી | ” |

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**જ.વિ. (૩)** : પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં રણછોડજી મંદિર પાસેનાં ચોકમાં અંતિમ યાત્રા માટે
**કામ નં.** વિસામો બનાવવા બાબત

**ઠરાવ નં. ૨૮ / તા.૨૫/૫/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ભૌમિબેન પી. કાછીઆ, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

નોંધ:- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા~વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં રણછોડજી મંદિર પાસેનાં ચોકમાં અંતિમ યાત્રા માટે વિસામો બનાવવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત કૈલાસ ધામ સ્મશાન ગૃહમાં શહેરમાંથી આવતાં નનામીને હિન્દુ સંસ્કૃતિ મુજબ ઘણાં વર્ષોથી રણછોડજી મંદિર પાસેનાં ચોકમાં ધાર્મિક વિધિ અર્થે થોડી ક્ષણો માટે રોકાઇ વિધિ બાદ આગળ લઇ જવામાં આવે છે. આ વિધિ માટે કોઇ ચોકકસ જગ્યા ન હોવાને કારણે જાહેર માર્ગમાં વિધિ કરવામાં આવે છે. જેનાં કારણે વાહન વ્યવહાર ખોરવાઇ જાય છે અને નાના નાના વાહનોની અવરજવરને કારણે ડાઘુઓને વિધિમાં પણ મુશ્કેલીઓ પડતી જણાય છે. આ માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવે તે ઉચિત અને યોગ્ય છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં રણછોડજી મંદિર પાસે આવેલ ચોકમાં ટ્રાફીકને નડતરરૂપ ન થાય તેવી સુયોગ્ય જગ્યા નકકી કરી તે જગ્યાએ અંતિમ યાત્રા માટે વિસામો બનાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે થનાર ખર્ચ મંજુર કરવા ઠરાવવામાં આવે છે. અને સદર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન. પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**જ.વિ. કામ નં. (૪)** : મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રી જય બી. પટેલ, શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ, શ્રી આરીફખાન જે. પઠાણ, શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા, શ્રીમતિ નીદાબાનુ. વિ. મીરઝા., શ્રીમતિ રૂકસાર એ. મીરઝા., શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા, શ્રી ભાવેશભાઇ કે. તળપદા તથા શ્રી અસ્લમબેગ એ. મિરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૯ / તા.૨૫/૫/૨૨**

સર્વાનુમતે ઠરાવ કર્યો કે,મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રી જય બી. પટેલ, શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ, શ્રી આરીફખાન જે. પઠાણ, શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા, શ્રીમતિ નીદાબાનુ. વિ. મીરઝા., શ્રીમતિ રૂકસાર એ. મીરઝા., શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા, શ્રી ભાવેશભાઇ કે. તળપદા તથા શ્રી અસ્લમબેગ એ. મિરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લેતાં તેને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

ઉપર જણાવ્યા મુજબનાં કામો પૂર્ણ કરી તે સિવાય અન્ય કોઇ કામ ન હોવાથી રા.અધ્યક્ષશ્રીએ આજની સામાન્ય સભામાં ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓનો આભાર માની આજની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયા

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.